C/67

લાયબ્રેરી વિભાગ

૧૪/૩/૨૦૧૯ – દિવ્ય ભાસ્કર

પાન નં. ૧૩

# ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેજતૃષા-પ્રતિભાશોધ-19 મહોત્સવ યોજાયો



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની આંતરશક્તિ ખીલે અને તેનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રમત-ગમત, સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રતિભાને તક અને ઓળખ આપવા. "તેજતૃષા-પ્રતિભાશોધ-2019" મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્ય પારંપરિક યુનિવર્સિટીઓ "યુવા મહોત્સવ"ના નેજા હેઠળ પોતાના વિદ્યાર્થીઓની પ્રતિભાને પાંખ આપે છે અને તેવા જ શુભ આશયથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ભારતભરની તમામ ઓપન યુનિવર્સિટીઓમાં સૌપ્રથમવાર એક નવી પ્રણાલીનો આરંભ કરીને વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા "તેજતૃષા-પ્રતિભાશોધ-2019" મહોત્સવનું આયોજન તાજેતરમાં ગુજરાત રાજ્યમાં વ્યાપ્ત કેન્દ્રો પર ઝોનલ કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.